# પાલિકાની કડક વેરા વસુલાત

**વલસાડ** પાલિકાની ૭૩% વસુલાત છતાં બાકીદારો સામે મિલકત જપ્તિ અને હરાજીની ચીમકી

વલસાડ : વલસાડ નગરપાલિકા દ્વારા હાઉસ ટેક્સ અને અન્ય વેરાની વસુલાત માટે ઝુંબેશ તેજ કરવામાં આવી છે. પાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા મુજબ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં કુલ ૭૩.૬૪% જેટલી વસુલાત થઈ ચૂકી છે, પરંતુ હજુ પણ ઘણા કરદાતાઓનો વેરો બાકી હોવાથી પાલિકાએ કડક વલણ અપનાવ્યું છે.

વલસાડ નગરપાલિકાએ એક જાહેર સૂચના દ્વારા મિલકત ધારકોને તાત્કાલિક બાકી વેરો ભરપાઈ કરવા તાકીદ કરી છે.

### વેરા વસુલાતની સ્થિતિ

- » કુલ માંગણું રૂપિયા ૧૯૬૪.૯૩ લાખ (રૂપિયા ૧૯.૬૪ કરોડ)
- » કુલ વસુલાત રૂપિયા ૧૪૪૭.૦૭ લાખ (રૂપિયા ૧૪.૪૭ કરોડ)
- » કુલ વસુલાતની ટકાવારી : ૭૩.૬૪%

આ જાહેર નોટિસમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો બાકીદારો વેરો ભરવામાં કસુર કરશે, તો નગરપાલિકા દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ (જેમ કે પાણી કનેક્શન વગેરે) બંધ કરવામાં આવશે. ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૧૩૩ મુજબ બાકીદારોની મિલકત જપ્ત કરવાની, મિલકત પર બોજો નાખવાની તથા મિલકતની જાહેર હરાજી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ સાથે પાલિકાના હાઉસ સુપ્રિટેન્ડેન્ટ રમણભાઈ રાઠોડે જણાવ્યું કે, કરદાતાઓ જ્યારે વેરો ભરવા આવે ત્યારે તેઓએ જૂનું માંગણા બીલ અથવા જૂના ભરેલા ટેક્સની રસીદ સાથે લાવવાની રહેશે. આ ઉપરાંત, નાગરિકો ઘરે બેઠા ઓનલાઈન વેરો www.enagar.gujarat.gov.in વેબસાઈટ પરથી પણ ભરી શકશે. ખાસ કરીને 'પાછલી બાકી' (જુનો બાકી વેરો) વસુલવામાં તંત્રને ઓછી સફળતા મળી છે, જેની વસુલાત માત્ર ૬૨.૪૭% જ થઈ છે, જ્યારે ચાલુ વર્ષના વેરાની વસુલાત ૭૬.૪૦% થઈ છે.

### વલસાડમાં બી.એલ.ઓ. મામલતદાર કચેરી ખાતે હાજર રહેશે

વલસાડ : વલસાડ જિલ્લામાં તા.૦૪/૦૧/૨૦૨૬ ના રોજ GPSCની પરીક્ષા વલસાડ તાલુકાની (૧) બાઇ આવાબાઇ હાઇસ્કૂલ, (૨) શ્રી જમનાબાઇ સાર્વજનિક કન્યા વિદ્યાલય (જે.એસ. કન્યા વિદ્યાલય), વલસાડ તથા (૩) આર.એમ.એન્ડ વી.એમ. દેસાઇ વિદ્યાધામ, વલસાડમાં યોજાનાર છે. ઉપરોક્ત શાળામાં આવેલા મતદાન મથકોના બી.એલ.ઓ. ખાસ ઝુંબેશના દિવસો દરમિયાન મામલતદાર કચેરી વલસાડ ખાતે સવારે ૧૦:૦૦ થી ૧૪:૦૦ કલાક દરમિયાન હાજર રહેનાર હોઇ જેની જાહેર જનતાને જાણ થવા વિનંતી છે. ઉક્ત વિગતો ECI દ્વારા આપવામાં આવતી સુચનાની ફેરફારને આધીન રહેશે એવું નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, વલસાડની અખબારી યાદીમાં જણાવાયું છે.

### નભે આથમી રહ્યો છે સૂર્ય, સાપુતારાનાં તળાવ કાંઠે ખીલી રંગોની દુનિયા



■ સાપુતારા : ગુજરાતનું એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારા હાલ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યુ છે. શિયાળાની ગુલાબી ઠંડી વચ્ચે વિન્ટર ફેસ્ટિવલનું સમાપન થયુ છે. તેવામાં ગિરિમથક સાપુતારાનાં આકાશમાં સૂર્યાસ્તનો એક અદભુત નજારો જોવા મળ્યો હતો. આથમતા સૂરજના કિરણોએ આખાય આકાશને કેસરી અને જાંબલી રંગના મિશ્રણથી ભરી દીધું છે, જે પ્રકૃતિની અસીમ સુંદરતાના દર્શન કરાવે છે. સાપુતારા લેકના કિનારે ગોઠવવામાં આવેલી મલ્ટી-કલર લાઈટ્સ રાત્રિના આગમન પૂર્વે જ સમગ્ર વાતાવરણને જીવંત બનાવી રહી છે. પાણીમાં પડતા આ રંગબેરંગી લાઈટ્સના પ્રતિબિંબ પ્રવાસીઓના મન મોહી રહ્યા છે. ફોટામાં દેખાતી રોપ-વેની લાઈનો એ વાતની સાક્ષી પૂરે છે કે પ્રવાસીઓ ઉંચાઈ પરથી આ સૂર્યાસ્તનો લ્હાવો લઈ રહ્યા છે. સાપુતારામાં સૂર્યાસ્ત માત્ર દિવસનો અંત નથી, પણ કુદરતના અદભુત સંગમ અને રંગોનો ઉત્સવ છે. સાપુતારાના ડુંગરો પાછળ છુપાતા સૂરજ અને રંગબેરંગી રોશનીથી ઝળહળતા તળાવના આ દ્રશ્યે કેમેરામાં કેદ થઈને એક યાદગાર ક્ષણ બનાવી દીધી છે. પ્રવાસન સ્થળે વધતી જતી ભીડ સૂચવે છે કે લોકો કુદરતના ખોળે શાંતિ મેળવવા આ સુંદર નજારાને નિહાળવા આવી રહ્યા છે. (તસવીર: ગીરીશ ભોયે)

## સંક્ષિપ્ત સમાચાર

### આર.કે.દેસાઈ કોલેજ ઓફ કોમર્સ વાપીનું એમ. કોમ. સેમ 3નું પરિણામ




વાપી : આર.કે.દેસાઈ કોલેજ ઓફ કોમર્સ અને મેનેજમેન્ટ, વાપી અંતર્ગત એમ. કોમ. સેમ 3 ના વિદ્યાર્થીઓએ 2025-26માં VNSGU દ્વારા લેવાયેલી પરીક્ષાના પરિણામમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થી દોડીયા રવિ હરેશભાઈ (8.17 SGPA), દ્વિતીય ક્રમે રાઠોડ રિકલ ગોપાલભાઈ (7.67 SGPA) અને ત્રીજા ક્રમે હલપતિ તન્વી અશોકભાઈ તથા આહીર આયુશી નટુભાઈ (7.50 SGPA) મેળવી સિદ્ધિ પ્રાપ્ત કરેલી છે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફળતામાં એમ. કોમ વિભાગના હેડ ચિત્રા શેઠ દેસાઇ તથા કોલેજના આચાર્ય ડો. શીતલ ગાંધીની પણ મહત્વની ભૂમિકા રહી છે. આ સિદ્ધિ મેળવવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તેમજ સંસ્થાના ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ તેમજ પ્રાધ્યાપકોએ અભિનંદન પાઠવ્યા હતાં.

### દેવસરના નવનાથ ધામ ખાતે શાકંભરી નવરાત્રિનો ભવ્ય મહાભંડારો


કેરસી બારીયા

બીલીમોરા : નવનાથ ધામ ખાતે શાકંભરી નવરાત્રિ મહોત્સવમાં 3420 કિલોથી વધુ અને કુલ 65 પ્રકારની વિવિધ શાકભાજીનો વિશેષ ભંડારો યોજાયો હતો. ભક્તો મનોકામના પૂર્તિ અર્થે મનપસંદ શાકભાજીની બાધા રાખી ભંડારામાં અર્પણ કરે છે. છોટેદાદાના સાનિધ્યમાં ઉજવાયેલો આ શાકંભરીનો મહાભંડારો ELITE BOOK OF RECORDS માં પણ સ્થાન પામ્યો છે, જે નવનાથ ધામ અને સમગ્ર પ્રદેશ માટે ગૌરવની બાબત છે. છોટેદાદા નવ દિવસ માતાજીનું અનુષ્ઠાન કરે છે અને માં શાકંભરીનું ભક્તિભાવથી શ્રદ્ધા પૂર્વક પૂજન અર્ચન કરે છે તથા ફળ, ફૂલ તથા વિવિધ જાતના શાકભાજી દ્વારા મા નો શણગાર કરવામાં આવે છે. સંતાન પ્રાપ્તિ અને સુખ-સમૃદ્ધિ માટે પ્રસિદ્ધ શાકંભરી માતાના મહાભંડારામાં ભોજન લેવાથી અસાધ્ય રોગમાંથી મુક્તિ મળ્યાના અનેક દાખલા જોવા મળે છે. શાકંભરી દેવી એ માતા પાર્વતીનું જ સ્વરૂપ છે. મહોત્સવ દરમિયાન ધન, ધાન્ય અને સંતાન સમૃદ્ધિની પ્રાપ્તિ માટે શ્રી ધાન્ય લક્ષ્મી પોટલીનું વિતરણ કરવામાં આવ્યું હતું. લોકસંસ્કૃતિ અને પરંપરાનું પ્રતિબિંબ દર્શાવતું આ નૃત્ય રંગબેરંગી વસ્ત્રો, તાલબદ્ધ સંગીત અને સમૂહ નૃત્યની ભાવના સાથે ઉજવાયું હતું.છોટેદાદાએ પણ ઘેરિયા નૃત્યમાં સંમેલિત થઈને ઘેરિયાઓને પ્રોત્સાહિત કર્યા હતા. મહાભંડારામાં 65 પ્રકારની શાકભાજીનું ભેગું શાક, મકાઈના રોટલા, જલેબી, છાસ, ભાત, ગાજરનું કચુંબર આરોગી સૌ ભક્તો તૃપ્ત થયા હતા.

### સાપુતારા વઘઇ રોડ પર કાર-બાઇક વચ્ચે અકસ્માતમાં મહિલાનું મોત


ગીરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના સાપુતારાથી વઘઇને સાંકળતા આંતરરાજ્ય ધોરીમાર્ગનાં આહેરડી કુમારબંધ ફાટક પાસે એક કાર અને મોટરસાયકલ વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં 39 વર્ષીય મહિલાનું મોત નિપજ્યું હતું. શૈલેષભાઇ રામાભાઇ દેશમુખ (રહે.ખાનપુર)એ કાર નં. GJ-21-AQ-8985ને ગફલતભરી રીતે રોંગ સાઇડમાં હંકારી આહેરડી- કુમારબંધ ફાટક પાસે એક મોટરસાયકલ સવાર દંપતીને અડફેટમાં લીધા હતા. કારચાલક શૈલેષ દેશમુખે મોટર સાઇકલ નં. GJ-30-C-4861 ને સામેથી ટક્કર મારતા અકસ્માતમાં મોટરસાયકલ ચાલક રામાભાઇ ભોયેને ઇજાઓ પહોંચી હતી. તથા રામાભાઈ પત્ની સુનિતાબેન ભોયે (ઉ.વ.૩૯ રહે બોરદહાડ તા.વઘઇ) ને માથાનાં ભાગમાં ગંભીર ઇજાઓ પહોચતા કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતુ. આ અકસ્માતનાં બનાવનાં પગલે સાપુતારા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### વાપીમાં બાઈક ચાલકે સંતુલન ગુમાવતા અકસ્માતમાં યુવકનું મોત

વાપી : વાપી ટાઉન વિસ્તારમાં મોટરસાઈકલ પરથી ચાલકે સંતુલન ગુમાવતાં તેનું મોત નીપજ્યું હતું. રસોયા તરીકે કામ કરતા નવીનકુમાર રામસાગર મુખીયા (ઉ.વ. ૨૦) તેના શેઠની રોયલ એનફિલ્ડ બાઈક (નંબર GJ-15-BJ-9894) પર તેના પિતરાઈ ભાઈ ઉદય શ્રવણ મુખીયાને પાછળ બેસાડીને આશિયાના ચાર રસ્તા તરફ જઈ રહ્યો હતો. વાપી ટાઉન ચોથીયા પોઈન્ટ પાસે આશા ગેસ્ટ હાઉસ સામે રોડ પર નવીનકુમારે બાઈક પૂરઝડપે હંકારતા પાછળ બેસેલા ઉદયે સંતુલન ગુમાવ્યું હતું અને તે રોડ પર પટકાયો હતો. આ અકસ્માતમાં ઉદયને કપાળ, મોઢા અને શરીરના અન્ય ભાગો પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત ઉદયને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ચલા સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ વલસાડ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જોકે, ટૂંકી સારવાર બાદ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. મૃતક યુવકના ભાઈ જ્યોતીષકુમાર શ્રવણ મુખીયાએ આ મામલે વાપી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી નવીનકુમાર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## રવિવારે રાજ્યવેરા નિરીક્ષકની પરીક્ષા

**વલસાડ** જિલ્લામાં 7 કેન્દ્રો ઉપર 1875 ઉમેદવારો પરીક્ષા આપશે

**8 દિવ્યાંગ** ઉમેદવારોનો પણ સમાવેશ, 238 કર્મચારીઓ પરીક્ષા કાર્ય સાથે જોડાશે



### વલસાડના પરીક્ષા કેન્દ્રો

કુસુમ વિદ્યાલય, સેન્ટ જોસેફ ઇંગ્લિશ સ્કૂલ, બાઈ આવબાઈ હાઈસ્કૂલ, જમનાબાઈ સાર્વજનિક કન્યા વિદ્યાલય, આર. એમ. વી.એમ સ્કૂલ અને બીએપીએસ સ્વામીનારાયણ યુનિટ- ૧ અને (૭) બીએપીએસ સ્વામીનારાયણ વિદ્યામંદિર યુનિટ- ૨

વલસાડ : ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આયોજિત રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ- ૩ની પરીક્ષા 4 જાન્યુઆરી રવિવારે વલસાડના સાત પરીક્ષા કેન્દ્રો પર લેવાનાર છે. જે સંદર્ભે વલસાડ જિલ્લા અધિક કલેક્ટર એમ.ડી.ચુડાસમાના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરી ખાતે એક બેઠક યોજાઈ હતી. જિલ્લામાં 1807 અને 28 દિવ્યાંગ મળી કુલ 1835 ઉમેદવારો આ પરીક્ષા આપશે, જે માટે કુલ 238 સ્ટાફ ફાળવવામાં આવ્યો છે.

ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતેથી ગુજરાત જાહેર સેવા આયોગના અધ્યક્ષ હસમુખભાઈ પટેલે પરીક્ષા સંદર્ભે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ઉપયોગી સલાહ સૂચનો આપ્યા હતા. આ બેઠકમાં વલસાડ જિલ્લા અધિક કલેક્ટર એમ.ડી.ચુડાસમાએ પરીક્ષા સંબંધે થયેલી તૈયારીની રૂપરેખા, સ્થળોની આજુબાજુ 100 મીટર ત્રિજ્યામાં તમામ ઝેરોક્ષ સેન્ટરો બંધ કરી અસરકારક અમલીકરણ, ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે બસ-વાહનવ્યવહાર, પરીક્ષા કેન્દ્ર ખાતે જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા ઉમેદવારો માટે આરોગ્ય વિષયક અદ્યતન સુવિધા પૂરી પાડવી સહિતની માહિતી આપી હતી.

### ઉમરગામમાં ટ્રેન અડફેટે યુવાનનું કરુણ મોત

ઉમરગામ : ઉમરગામમાં ટ્રેન અડફેટે મહારાષ્ટ્ર વેવજીના એક યુવાનનુ કરુણ મોત નિપજવા પામ્યુ છે.

પ્રાપ્ત પોલીસ સુત્રો પાસેથી મળતી વિગતો મુજબ વેવજી કાટીલપાડા તાલુકા તલાસરી મહારાષ્ટ્ર ખાતે રહેતા વિશાલ અરવિંદભાઈ (ઉ.વ 27) નુ તારીખ 1/1/2026 ના 9:30 કલાક પહેલા ઉમરગામ દહાડ ડીએફસીસી માલગાડી લાઈનમાં મુંબઈથી અમદાવાદ તરફ જતા રેલવે ટ્રેકની વચ્ચે ટ્રેન અડફેટે આવી જતા માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજા થતાં મોત નિપજવા પામ્યું હતુ. આ બનાવનો ઉમરગામ પોલીસ સ્ટેશન અકસ્માત મોતનો ગુનો દાખલ થતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### વિજલપોરમાં હિટ એન્ડ રનની ઘટનામા વૃદ્ધ મહિલાનું મોત

નવસારી : ઈટાળવાથી ગાંધી ફાટક તરફ જતા દાંતેજ ગામ પાસેના રોડ પર વાહનચાલકની બેદરકારીના કારણે એક વૃદ્ધ મહિલાનું મોત નિપજ્યું છે. અજાણ્યો મોટરસાયકલ ચાલક પૂરપાટ ઝડપે વાહન ચલાવી રહ્યો હતો. આ દરમિયાન ઈટાળવાથી ગાંધી ફાટક તરફ જતા રોડ પરથી પસાર થઈ રહેલી 68 વર્ષીય નયનાબેન ઠાકોરભાઈ હળપતિને ટક્કર મારતા વૃદ્ધ મહિલા રોડ પર પડી જતા માથામાં ઈજા પહોંચતા મોત થયું હતું. આ બનાવ અંગે કિશનભાઈ હળપતિ (ઉ.વ. 30, રહે. દાંતેજ ગામ) દ્વારા ફરિયાદ નોંધાવાતા સંડોવાયેલા અજાણ્યા વાહનચાલકની શોધખોળ શરૂ કરવામાં આવી છે. ગુનાની તપાસ એચ.એસ. પટેલ, પોલીસ સબ-ઈન્સ્પેક્ટર, વિજલપોર પોલીસ સ્ટેશન દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

## સરકારે ટ્રેક્ટર ફાળવ્યાં છતાં કચરાનું કલેક્શન કરાતું નથી

**'ગણદેવીના** ભાઠા ગામમાં જિલ્લા વિકાસ અધિકારીના લોક સંવાદમાં ગ્રામજનોના પ્રાણપ્રશ્નો સામે આવ્યા


કેરસી બારીયા

બીલીમોરા : નવસારી જિલ્લા ડીડીઓ પુષ્પલતાએ શુક્રવારે સવારે ગણદેવી તાલુકાના ભાઠા ગ્રામજનો સાથે સંવાદ સાંધ્યો હતો. જેમાં સ્વચ્છતા, ડ્રેનેજનાં પ્રશ્નો મુખ્ય હતા. તે ઉપરાંત સરકારી શાળા, આંગણવાડીની કામગીરીનું મૂલ્યાંકન કર્યું હતું.

નવસારી જિલ્લા ડીડીઓ પુષ્પલતાએ ગણદેવી ભાઠા ગામે ઘોડા ફળીયા સ્થિત ખોડિયાર માતા મંદિર પરીસરમાં ગ્રામજનો સાથે સંવાદ સાંધ્યો હતો. જેમાં ગામના પ્રાણપ્રશ્નો સામે આવ્યા હતા. સરકારે એક વર્ષ અગાઉ ભાઠા ગામે કચરા વ્યવસ્થાપન માટે ટ્રેક્ટરની ફાળવણી કરી હોવા છતાં ઘેર ઘેરથી કચરાનું કલેક્શન કરાતું નથી. ગ્રામ પંચાયતનું ઉદાસીન વલણ સામે આવ્યું હતું. ગામમાં ડ્રેનેજ સુવિધાઓનાં અભાવે ગંદકી રેલાય છે. ત્યારે ડીડીઓએ સ્વચ્છતા ઉપર ભાર મૂકી ગ્રામજનોની સુવિધાઓ માટે સૂચનો આપ્યા હતા. આ ઉપરાંત ભાઠા ગામે વરસાદી પાણી ભરાવાની વર્ષો જૂની સમસ્યા હોવાથી નવી ગ્રામપંચાયત ઉંચાઈ ઉપર બનાવવા માંગ ઊઠી હતી. આ ઉપરાંત ગ્રામજનોએ સ્ટ્રીટ લાઈટ ચાલુ કરવા માંગ પોકારી હતી.

આ પ્રસંગે ટીડીઓ ચેતન દેસાઈ, સરપંચ જાગૃતિ પટેલ, તલાટી હિરેન ટંડેલ, કાંતાબેન પટેલ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ખેરગામમાં છેલ્લા દોઢેક માસથી છોડાતું ગટરનું ગંદુ પાણી

**અગાઉ** પંચાયતમાં પણ સ્થાનિકો દ્વારા રજૂઆત છતા કોઇ ઉકેલ આવ્યો નથી

**આગામી** સાત દિવસમાં સમસ્યાનો ઉકેલ નહીં આવે તો ભવાની મંદિરના પ્રાંગણમાં ધરણાંની ચીમકી

ખેરગામ : ખેરગામમાં છેલ્લા દોઢેક માસથી ઝંડાચોક ભવાની માતાના મંદિર પાસે ગટરનું વહેતું ગંદુ પાણી દુર્ગંધ ફેલાવે છે, રાહદારીઓએ ચાલવા માટે પણ સ્વચ્છ જગ્યા શોધવી મુશ્કેલ બને છે. અહીં આજુબાજુમાં મંદિર તેમજ ઘણી બધી દુકાનો આવેલી છે અને રહીશો પણ વસવાટ કરે છે. દુકાનો ઉપર આવતા ગ્રાહકોને પણ દુકાને આવવામાં તકલીફ અનુભવવી પડે છે, જેના કારણે દુકાનદારોને ધંધામાં પણ અસર થતા ઘરાકી ખોવી પડે છે. નજીકમાં જ પવિત્ર સ્થાનકો છે જ્યાં દર્શન કરવા જનારા પણ આ ગંદા પાણીમાંથી પસાર થતા અપવિત્ર થાય છે. આ ખાનગી ડ્રેનેજ લાઈન જામ થવાની અને ભારે લોકેજ થવાની ઘટના વારંવાર ઉદભવતી હોય છે, જેના માટે અગાઉ પંચાયતમાં પણ સ્થાનિક રહીશો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. આ ખાનગી ગટર લાઇનમાં નવી પાઈપ લાઈન નાખ્યા પછી છેવાડાનું કામકાજ જે અટકેલું છે એના લીધે આ સમસ્યા વધુ ગંભીર બને છે. ત્યારે હવે આ વિસ્તારના લોકોમાં આ ગંભીર સમસ્યા મામલે ભારે રોષ વ્યાપી રહ્યો છે. જેને લઈ સ્થાનિક આગેવાનો દ્વારા શુક્રવારે ગ્રામ પંચાયત, તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરી સાત દિવસમાં સમયનો ઉકેલ લાવવા માગ કરવામાં આવી છે. શુક્રવારે આગેવાનોએ પંચાયતમાં કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે આગામી સાત દિવસમાં આ સમસ્યાનો ઉકેલ લાવી દુર્ગંધ મારતું પાણી જો બંધ નહીં કરાવામા નહીં આવે અને રસ્તો ચોખ્ખો ન થાય, તો આઠમી જાન્યુઆરીના રોજ ભવાની મંદિરના પ્રાંગણમાં દુકાનદારો સવારના આઠ વાગ્યાથી દુકાનો બંધ રાખી 12 કલાકના પ્રતિક ધરણાં કરશે.

### વણારસી ગામે જુગાર રમતા પાંચ ઝડપાયા

વાંસદાઃ વાંસદાના વણારસી ગામે નવા વર્ષની પૂર્વ સંધ્યાએ જુગાર રમતા પાંચ જુગારીને પોલીસે મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. વાંસદા પોલીસના ભાવેશભાઈ કનુભાઈને બાતમી મળી હતી કે, વણારસી ગામના કાદવી ફળિયા પાસે કેટલાક ઈસમો 'ચકલી પોપલી' પશુ-પંખીનાં ચિત્રોવાળા પોસ્ટર પર જુગાર રમી રહ્યા છે. આથી પોલીસે રેઈડ કરતા પાંચ ઈસમ રંગેહાથ જુગાર રમતા મળી આવ્યા હતા. પોલીસે સંજય પટેલ (રહે., વાણી ફળિયા), નરેન્દ્ર પટેલ (રહે., કાદવી ફળિયા), બીપીન પટેલ (રહે., કાદવી ફળિયું), મુકેશ પટેલ (રહે., ઉતારા ફળિયું), હસમુખ પટેલ (રહે., કાદવી ફળિયું)ને ઝડપી ૫,૭૮૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. વાંસદા પોલીસે જુગારધારાની કલમ ૧૨(અ) હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### સોળસુંબામાં બાઇક સવાર ઓવરબ્રિજ નીચે પટકાતા ચાલકનું મોત

ઉમરગામ : ઉમરગામ સોળસુંબામાં બાઇક સવાર ઓવરબ્રિજ સાથે અથડાય ઉપરથી નીચે પટકાતા ચાલકનું મોત થવા પામ્યુ હતુ. જ્યારે બે જણાને ઇજાઓ પહોંચી હતી. ફરિયાદી આદિત્ય શિંગ (ઉંમર વર્ષ 25 હાલ રહે ભરૂચ) ભરૂચ ખાતે LNT કન્સ્ટ્રક્શન કંપનીમાં સિવિલ એન્જિનિયર તરીકે નોકરી કરે છે અને જીતેન્દ્રકુમાર પરમાનંદ શિંગ (ઉ.વ 31 હાલ રહે આશીર્વાદ કો ઓપરેટિવ સોસાયટી દહાડ)કંપનીમાં સિનિયર ટેક્નિશિયન તરીકે કામ કરે છે. અભિષેક સાથે ત્રણે જણા બાઇક લઈને ગુરુવારે રાત્રે નવ વાગે ઝરી કન્સ્ટ્રક્શન સાઇડ ઉપરથી પરત દહાડ આવી રહ્યા હતા ત્યારે ઉમરગામ સોલસુંબા ઓવરબ્રિજ સાથે બાઈક અથડાતા ત્રણે જણા ઓવરબ્રિજની નીચે પડી ગયા હતા. અકસ્માતમાં ઇજાગ્રસ્ત બનેલા જીતેન્દ્રકુમારને હોસ્પિટલમાં લઈ જતા તબીબે મૃત જાહેર કર્યા હતા. અકસ્માતમાં ફરિયાદી આદિત્ય અને અભિષેકને ઈજા પહોંચતા હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જીતેન્દ્રકુમારે બાઇક ગફલતભરી રીતે હંકારી લાવી દિવાલ સાથે અથડાય નીચે પડી જઇ મૃત્યુ પામ્યો હતો. આ બનાવની ફરિયાદ આદિત્યએ ઉમરગામ પોલીસ સ્ટેશનમાં આપી હતી.


### બલવાડા ઓવરબ્રિજ ઉપર અજાણ્યા વાહનની ટક્કરે નાસિકના શખ્સનું મોત

ઘેજ : ચીખલીના બલવાડા ઓવરબ્રિજ ઉપર અજાણ્યા વાહનની ટક્કરે નાસિકના શખ્સનું સ્થળ ઉપર જ મોત નિપજ્યું હતું. બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ડાંગના વઘઇ તાલુકાના લહાનબરડા નડગચોડ ગામના રાજુભાઇ એવાજભાઈ વાઘમારે (ઉ.વ-૩૨) ગુરૂવારની સાંજના સમયે ડાંગથી વલસાડ પોતાની મોટર સાયકલ નં જીજે-૧૫-એસી-૪૨૩૩ લઈ આવી રહ્યા હતા. દરમ્યાન ચીખલીના બલવાડા ને.હા.નં-૪૮ ઓવરબ્રિજ ઉપર આવી પહોંચતા પાછળથી પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા એક અજાણ્યા વાહન ચાલકે મોટર સાયકલને ટક્કર મારતા રોડ પર પટકાયેલા રાજુભાઇ વાઘમારે ઉપરથી ટ્રકનું ટાયર ફરી વળતા જેનું સ્થળ ઉપર જ મોત નિપજ્યું હતું. ઉપરોક્ત બનાવ અંગેની ફરિયાદ બુધિયા માહરેભાઇ ગાંગોડે (રહે. સુરગણા જી.નાસિક) એ કરતા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ અકસ્માત મોતનો ગુનો નોધી વધુ તપાસ પીએસઆઇ-એચ.એચ.ફળદુ કરી રહ્યા છે.

### બલીઠામાં જુગાર રમતા 4 ઈસમ ઝડપાયા

વાપી : વાપી નજીકના બલીઠામાં જુગાર રમતા 4 ઈસમોને ટાઉન પોલીસે ઝડપી પાડી રોકડા 11,310 કબજે કરી તેઓની સામે કાયદાકીય પગલા ભર્યા હતાં. વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, પેટ્રોલિંગ દરમિયાન બાતમી આધારે વાપી નજીકના બલીઠા દાંડીવાડ, ક્રિકેટ ગ્રાઉન્ડ ખુલ્લી જગ્યામાં રેઈડ કરી જુગાર રમતા 4 ઈસમ (1) જીજ્ઞેશ ઉર્ફે પીન્ટુ પટેલ (ઉ.43) (2) દિપક હળપતિ (ઉ.44) (3) મુકેશ પટેલ (ઉ.54) અને (4) ગણેશ હળપતિ (તમામ રહે. ચલા, વાપી)ને ને ઝડપી પાડવામાં આવ્યા હતાં. વાપી ટાઉન પોલીસે દાવ અને અંગઝડતી કરી રોકડા 11,310 કબજે કરી જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

### અંબાચમાં બાઇક સવાર પર દીપડાનો હુમલો



ઘેજ : ચીખલીના અંબાચ ગામે રાત્રિ દરમ્યાન મોટર સાયકલ સવાર પર દીપડાએ હુમલો કરતા સ્થાનિકોમાં ડરનો માહોલ ફેલાવા પામ્યો છે. થોડા દિવસ પૂર્વે દીપડાના હુમલામાં મોપેડ સવાર મહિલાને પણ ઇજા થઇ હતી. પ્રાપ્ત વિગત મુજબ તાલુકાના અંબાચ ગામે ગતરાત્રે દુકાન ફળીયા વિસ્તારમાં દીપડાએ હુમલો કરતા મોટર સાયકલ પર પાછળ બેસેલા જયેશભાઇ રતિલાલ પટેલ (ઉ.વ-૫૦) ને પગના ભાગે ઇજા થતાં સારવાર લેવાની ફરજ પડી હતી. આ અંગેની વાત વાયુવેગે ગામમાં ફેલાતા સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાવા પામ્યો છે. થોડા દિવસ પૂર્વે અંબાચ નજીકના વેલણપુર ગામમાં મોપેડ સવાર મહિલાની પાછળ દીપડો દોડતા મહિલાને પણ ઇજા થઇ હતી.

### જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, ડીસ્ટ્રીક્ટ નવસારીના સબ-ડીસ્ટ્રીક્ટ-જલાલપોર (નવસારી શહેર) ના મોજે વિજલપોર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ સરકારી **બ્લોક/સર્વે નંબર-૧૮૪-૧૮૭-૧૮૮-૧૮૯** વાળી બિનખેતીની જમીનમાં પાડવામાં આવેલા **પ્લોટો પૈકી પ્લોટ નંબર-૭૯/૬ (જે પ્રમોલગેશન થઇ ગયા બાદ બ્લોક/સર્વે નંબર-૯૦૯૪, ૭/૧૨ રેકર્ડ મુજબ જુનો બ્લોક/સર્વે નંબર-૧૮૪+૧૮૭ ટીપી નં. ૦૧૮૯/પૈકી પ્લોટ નંબર-૭૯/૬ થી નોંધાયેલ છે.)** વાળી રહેણાંક ઉપયોગી સ્થાવર મિલકતના માલીક સાવન સુરેશભાઈ પ્રજાપતીએ અગાઉનો અસલ રજી. વેચાણ દસ્તાવેજ નંબર-૨૧૮૮, તા. ૦૬-૦૬-૨૦૦૧ વાળો અસલ દસ્તાવેજ તથા રજી. વેચાણ દસ્તાવેજ નંબર-૨૯૪૦, તા. ૨૭-૦૮-૧૯૯૧ અને દસ્તાવેજ નંબર-૧૭૪૪, તા. ૧૫-૦૩-૨૦૨૩ ની અસલ રજી. રજીસ્ટ્રેશન ફી રસીદ કયાંક ગુમ યાને ગેરવલ્લે થયેલ હોવાનું જણાવેલ છે. જે સ્થાવર મિલકત બાબતે કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે ઈસમોનો બોજો, બેંક લોન, કબજો-ભોગવટો, રસ્તાના હકક-હિત-અધિકાર, લાગ-ભાગ, દર-દાવો, હિત-સંબંધ, ઈઝમેન્ટ કે તે મતલબનાં સાટાખત, બાનાખત, સંમતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી, ગીરો ખત વિગેરે પ્રકારના કોઈ લખાણો હોય તો તે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં રજુઆતો હમારા અસીલ તરફે અને વતી હમોને કરવી જો તેમ કરવામાં કસૂર થશે તો મુદત વિત્યે સદરહું સ્થાવર મિલકતમાં કોઈનું કોઈપણ પ્રકારે બોજો, બેંક લોન, કબજો-ભોગવટો, કાયદેસરનાં હકક-હિત-અધિકાર, લાગ-ભાગ, દર-દાવો, હિત-સંબંધ, ઈઝમેન્ટ કે તે મતલબનાં સાટાખત, બાનાખત, સંમતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી, ગીરો ખત વિગેરે પ્રકારનાં કોઈ લખાણો નથી અને હોય તો તે જતા કર્યા છે એટલે કે "વેઈવ" કર્યા છે તેમ માની ઉપરોક્ત જણાવેલ સ્થાવર મિલકતમાં માલિકો હમારા અસીલને રજીસ્ટર્ડ મોર્ગેજ ડીડ કરી આપશે, અને તે અંગે ભવિષ્યમાં કોઈના કોઈપણ પ્રકારનાં વાંધા-હરકત હમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં. જેની સ્પષ્ટ કાયદેસરની નોંધ લેવા વિનંતી.

હમારા અસીલની સુચનાથી,

તા. ૦૨/૦૧/૨૦૨૬ **મૌલેશ આર. પ્રજાપતિ (એડવોકેટ)**

૧૦૨, જે. એલ. કોમ્પ્લેક્ષ, કુંભારવાડ, નવસારી-૩૯૬૪૪૫. ગુજરાત - મો.: ૯૬૬૨૭૩૩૦૯૩